: : રસ્તા પરના કસબીઓ : :            ( એપ્રિલ ૨૦૨૦)

ત્રીજા વિશ્વના દેશો અને પ્રથમ વિશ્વના દેશો વચ્ચેનો જે તફાવત કોઈ જગ્યાએ પહોંચતાંની સાથે છતો થાય છે તે ત્યાં-ત્યાંની માર્ગચર્યા, એટલેકે street life - ને કારણે થતો હોય છે. એકમાં ભરચક રસ્તા હોય, ફૂટપાથ પર જાત-જાતની ચીજો વેચતા, રિપેર-કામ કરતા ફેરિયા જોવા મળે, તો બીજામાં સરસ ખાલી ફૂટપાથો હોય. ત્યાં ખરીદી માટે, તેમજ રિપેર-કામ માટે પણ દુકાનો જ હોય. આ પદ્ધતિ ખોટી નથી, કારણકે રસ્તા કેવા ચોખ્ખા રહે.

પણ તરત ને તરત, ત્યાં ને ત્યાં, કામ પતાવી દઈ શકવાની સુવિધાનું શું? સહજ બુદ્ધિ તથા જાત-મહેનતથી આ કામ શીખી ગયેલા એ કારીગરોના હુન્નરનું તો શું કહેવું. એમના ખરબચડા હાથ જે રીતે કામ પતાવી આપે તે આપણે જોતાં જ રહીએ. એમની સ્વયંસિદ્ધ કારીગીરીના અનુભવ મને પણ થયા છે – એક વાર સૂટકેસનું પૈડું તૂટી ગયું હતું ત્યારે, વરસાદ ને પવનના તોફાનમાં ખોલેલી નાજુક જાપાની છત્રીની અંદરનો તાર તૂટી ગયો હતો ત્યારે, ખૂબ ગમતી કિટલીનો લાકડાનો હાથો છૂટો પડી ગયો હતો ત્યારે, મોંઘી વિદેશી બૉલ-પેન હાથમાંથી છટકીને પડી ગયા પછી ચાલતી નહતી ત્યારે...

બૉલ-પેન રિપેર કરી આપનારા ભાઈએ તો કશીક મોટાઈ અને ઊંડી સમજણ બતાવતાં એમ પણ કહેલું, કે " નસીબદાર છો કે વિદેશની આવી મોંઘી બૉલ-પેન કોઈના તરફથી ભેટમાં મળી છે. હવે સાચવજો એને. ફરી રિપેર નહીં થાય." એમને ખબર નહતી જ પડી કે હું પોતે વિદેશમાં રહું છું. મેં પડવા યે નહતી દીધી. એ મારી 'ટ્રિક' છે. એ રીતે મને સામા માણસનું સાચું સ્વરૂપ જોવા મળે છે. એ ભાઈનો ઠપકો મેં સાંભળી જ લીધેલો, અને ઉપરથી એમની સલાહ માટે આભાર માનેલો! અલબત્ત, કોઈ તોછડાઈ કે અપમાન કરવા માંડે તો ક્યારેક મારું સ્વરૂપ રુદ્ર પણ થઈ જાય!

મારે અહીં મોચીને યાદ કરવા છે. પાદત્રાણનું એવું હોય છે કે સતત ખરીદાતાં રહે, ને તૂટતાં પણ રહે, તેથી જેવી એમની દુકાનોની જરૂર પડે તેવી જ મોચીની પડે. અન્ય દેશોમાં પગરખાં રિપેર કરાવવા માટે તો દુકાનમાં જ જવું પડે, પણ ક્યાંક ક્યાંક બૂટ-પાલિસ કરનારા મળી આવે. જેમકે, ન્યૂયૉર્ક શહેરમાં સાવ રસ્તા પર તો નહીં, છતાં ટ્રેન-સ્ટેશન ને કોઈ મોટી ઈમારતની અંદર બૂટ-પાલિસ માટેની સગવડ જોવા મળતી હોય છે. જેને પાલિસ કરાવવી હોય તે ઊંચા સિંહાસન જેવી ખુરશી પર બેસે, ને પાલિસ કરનારા સામે એક સ્ટૂલ પર બેસે. બૂટ પણ કાંઈ એમના ખોળામાં નહીં મૂકવાના. એને માટે પાછું ખાસ પગથિયું હોય. અને પૈસા? રૂપિયામાં જાણવા હોય તો સહેજે સાતસો જેવા થાય, અને ઉપર બક્ષિસ આપવાની.

ઈસ્તામ્બુલ શહેરના પ્રવાસી-ભોગ્ય રસ્તા પર ખાસ પ્રકારના પાલિસ કરનારા ફરતા દેખાય. લાક્ષણિક તુર્કી પોષાક, માથે કાળા ફુમતાવાળી લાલ તુર્કી ટોપી, ખભા પર લટકાવેલી, પાલિસના સામાનથી ભરેલી સુશોભિત પેટી. હસતું મોઢું રાખીને બહુ મળતાવડા બનતા આવે. કહીએ કે "મેં તો ચંપલ પહેરી છે", તો તરત કહેશે, "કાંઈ નહીં. પણ ફોટો લેવો હોય તો લો." સ્થાનિક જીવનની રસપ્રદ નિશાની તરીકે આપણે ફોટો લેવા લલચાઈએ. હસતા મોઢે એ સ્થિર બેસી જાય, ફોટો ખેંચાય, ને પછી તરત એ બક્ષિસ માગે. આપણે એવું ધાર્યું ના હોય, તેથી જરા આઘાત પામી જઈએ. પણ બક્ષિસ મળે હીં ત્યાં સુધી એ ખસે નહીં.

નાગાલૅન્ડ રાજ્યના કોહિમા શહેરની બજારની વચ્ચોવચના એક રસ્તા પર લાઈનસર મોચી બેઠેલા જોયેલા. બહુ નવાઈ લાગેલી કે આટલા બધા? વીસેક જણ તો હશે જ. વળી, એમને જોઈને લાગે જ કે બીજા રાજ્યમાંથી આવ્યા હશે. એક જણને મેં પૂછ્યું તો કહે કે એ બધા ઉત્તર પ્રદેશથી આવેલા હતા. અમુક નવા હતા, પણ એ પોતે તો ચૌદ વર્ષથી કોહિમામાં વસેલો હતો. એ દરેક જણ નીચું જોઈને કામ કર્યે જતા હતા, જ્યારે નાગાલૅન્ડ-ના પુરુષો એમની સામે લાકડાનાં ખોખાં પર બૂટને પાલિસ કરાવવા બેઠેલા હતા.

રસ્તા પરના આવા કસબીઓને મહેનતનો કંટાળો નથી હોતો, અને ઘરાકને છેતરવાનો લોભ પણ નથી હોતો. એવા એક કસબી મને મળેલા. ઝાડની નીચે થોડી ચીજો પાથરીને બેઠેલા. મારી સૂટકેસને એક પૈડું નાખી આપ્યું, ને માગ્યા તેનાથી વધારે પૈસા ના જ લીધા. બીજા એક મોચીભાઈ પણ આવી જ રીતે બીજા એક ઝાડની નીચે બેસતા. કામ લઈને એમની પાસે જવાનું મારે નહતું થયું, પણ કેટલાંક વર્ષ એમને એ જ સ્થળે જોતી આવેલી. ફૂટપાથ પર ચીજો વ્યવસ્થિત ગોઠવેલી રાખે. પાંચ-છ જોડી બૂટ હંમેશાં સામે ગોઠવેલા હોય. બીજી એક પર કામ ચાલતું હોય. બાજુમાં જ બસસ્ટૅન્ડ, ભીડ હોય, અવરજવર હોય, પણ આ ભાઈને આડુંઅવળું જોવાનું નહીં, ખોટો સમય બગાડવાનો નહીં. બપોરના જમવાના સમયે એમને ઊંધું ફરી જતા જોયા છે. ભાથું ખાતી વખતે એટલું એકાંત.

એમની પાસે વધારે જોડા મૂકેલા જોઉં ત્યારે મને ખુશી થાય, કે એમનું કામ વધ્યું લાગે છે. એક વર્ષે દેશ આવી, ને એ રસ્તેથી પસાર થઈ ત્યારે જોયું કે ત્યાં તો ઊંચું મકાન બની ગયેલું, બસસ્ટૅન્ડ ખસેડાઈ ગયેલું, માર્ગ પરના એ ચર્મ-શિલ્પી ત્યાં નહતા. એવા શાંત, મોભાદાર કસબીને મેં ફરી ક્યાંયે જોયા નથી. એ સુખરૂપ હોય એમ ઈચ્છતી રહું છું.

શહેરના રસ્તા પર ત્રીજા જએ મોચીભાઈને જોયા કરેલા એમણે તો બહુ સારો વિકાસ કરેલો. અવરજવરવાળા રસ્તાને મળતી એક ગલીને નાકે એમણે બેઠક લીધેલી. પહેલાં તો થોડી ચીજો હોય, એક થેલો લઈને રોજ આવે. પછી એમણે મોટો એક પટારો વસાવેલો. સાંજે ઘેર જાય ત્યારે એને મોટું તાળું મારતા જાય. પથારો પણ વધતો ગયેલો. પાથરવાનો કોથળો, પાણીનું માટલું, એક ચોરસ તકિયો જે ટેકા માટે જ નહીં, પણ સૂવા માટે પણ વપરાતો. એમને નિરાંતે વામકુક્ષી કરતા જોયા ત્યારે થયેલું, કે વાહ, આ તો રસ્તાના રાજાના પાઠમાં આવી ગયા છે.

એમની 'મોટાઈ' એવી કે ઘરાકને સલાહ આપતા, કે તૂટેલી ચંપલ પર મોઢું બગાડતા, કે "રિપેર કરાવવા છેક આજે જ કેમ લાવ્યાં?", કહી ઠપકો પણ આપતા. કશીક સલાહ હું ય એકાદ વાર પામેલી. એમને ઉપદેશકની મુદ્રામાં પણ મેં જોયા છે. પટારાને ટેકીને, પગ પર પગ ચડાવીને બેઠા હોય. સામે બેએક જણ બેઠેલા હોય – કોઈનો નોકર, ક્યાંકનો પટાવાળો, સામેનો દરવાન વગેરે – ને આ ભાઈ વાતનો દોર સંભાળતા લાગે. રસ્તો જાણે એમનું રાજપાટ, અને મોખરાની એ જગ્યા તે એમની ગાદી.

આમ નિરીક્ષણ કરતાં કરતાં જ સમાજ વિષે સમજણ મળતી જાય છે. વળી, રસ્તા પર શું શું હુન્નર અને કસબ જોવા નથી મળતા? જોઈને આનંદ થાય, અને પ્રશંસાનો ભાવ પણ મનમાં થતો જ રહે.

( ૯૩૫ શબ્દો ) ----- પ્રીતિ સેનગુપ્તા